ગાંધીનગર સમાચાર

# નગરમાં નવરાત્રીની પૂર્ણાહૂતિ...



વાવોલ વૈદેહી-૨ રેસિડેન્સી ખાતે નવરાત્રિ ની આઠમ ના દિવસે માતાજી ની આરતીનું અનોખી રીતે આયોજન કરવામાં આવ્યું હતું. સોસાયટી ની કમિટી ના સભ્યો અને રહીશો દ્વારા ૧૧૦૦ દીવા પ્રગટાવીને માતાજીની આરતી સુંદર રીતે કરવામાં આવી હતી. અંત માં મહિષાસુર મર્દિની સ્વરૂપે માતાજીએ મહિષાસુર નો વધ કર્યો, એ પ્રસંગનું પણ નૃત્ય નાટિકા દ્વારા અદભુત નિરૂપણ કરવામાં આવ્યું. જેમાં બાળ કલાકાર કુ. જીયા ભાટી અને માસ્ટર લકી રાજપુરોહિત એ અભિનય આપ્યો હતો. આખું ય દ્રશ્ય નયન રમ્ય અને ભક્તિ ભાવ પૂર્ણ આહલાદક હતું.



કોલવડા ગામ ખાતે નવરાત્રી નિમિત્તે ગરબાનું આયોજન કર્યું હતું. સોશિયલ ડિસ્ટન્સ મહાઆરતી થઈ હતી.



સેકટર-૭સી ખાતે વસાહતી બહેનોએ નવરાત્રી નિમિત્તે ગરબાનું આયોજન કર્યું હતું. સોશિયલ ડિસ્ટન્સ સાથે બહેનો ગરબે ઘૂમી હતી.



સેકટર-૫સી મહાકાલી મંદિર ખાતે નવરાત્રીની સાદાઈથી ઉજવણી કરવામાં આવી રહી છે. જૂજ સંખ્યામાં બહેનોએ ગરબા રમી નોરતાની ઉજવણી કરી હતી.



શ્રીરંગ નેનો સીટી સરગાસણ ખાતે આઠમ નિમિત્તે વિશેષ આરતી યોજાઈ હતી. વસાહતીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.



સેકટર-૬સી ખાતે સોસાયટીની બહેનો દ્વારા બેઠા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. બહેનોએ સોશિયલ ડિસ્ટન્સ સાથે બેઠા ગરબામાં ભાગ લીધો હતો.



કોઈ પણ પ્રકારની ઝાકમઝોળ વગર આ વર્ષે નવરાત્રીની સાદાઈથી ઊજવણી થઈ રહી છે. માતા ભૂલકાંઓ શાંતિથી માની આરતીમાં ભાગ લેતા નજરે પડ્યા હતા.



સેકટર-૧૪ શક્તિ મંદિર ખાતે વિભાબેન ઠક્કર દ્વારા માતાજીની આરતી ઉતારવામાં આવી હતી. વસાહતીઓએ મોટી સંખ્યામાં આરતીમાં સરકારની ગાઈડલાઈન મુજબ ભાગ લીધો હતો.



સેકરટ-૨૪ મંદિર ખાતે સેવા મારું જીવન ગ્રુપમાં સભ્યો દ્વારા માતાજીની આરતી નવરાત્રીની સાદાઈથી ઊજવણી કરવામાં આવી હતી.



સેકટર-૨૭ શિવશક્તિ મંદિર ખાતે નવરાત્રીની સાદાઈથી ઉજવણી કરવામાં આવી હતી. વસાહતીઓ શિસ્તબદ્ધ રીતે માની આરતી ઉતારી રહ્યા છે.



સેકટર-૫સી મહાકાલી મંદિર ખાતે ભક્તો દ્વારા માતાજીની આરતી કરાઈ હતી.



સમર્પણ પબ્લિક સ્કુલ, સેકટરઃ૨૮, ગાંધીનગર ખાતે સ્કુલમાં નવરાત્રિ નિમિત્તે ઓનલાઇન માધ્યમ દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું હતું જેમા ધોઃ૧ થી ૫ના વિદ્યાર્થીઓ દ્વારા દિવડા અને દાંડિયાનું ચિત્ર અને ધોઃ૬ થી ૧૦ ના વિદ્યાર્થીઓએ દિવડાને કલર કરી આકર્ષિત કરીને તેના ફોટો ઓનલાઇન માધ્યમ દ્વારા સ્કુલમાં મોકલી આપ્યા હતાં. અને આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોરોનાની મહામારી માં સ્કુલના મેનેજીગ ડાયરેક્ટર મહેન્દ્રસિંહ વાઘેલા અને સ્કુલના આચાર્ય સજી અબ્રાહમ દ્વારા અપીલ કરવામાં આવે છે કે ઘરમાં રહો અને સુરક્ષિત રહો.

## જન્મદિને વધામણી



કનૈયાલાલ બાલાશંકર ઉપાધ્યાય
મો. ૯૭૨૬૩૩૨૧૩૪



કનૈયાલાલ એમ પરમાર
મો. ૯૯૨૫૮ ૧૧૪૨૭



અનિલ જયસિંઘાણી
પૂર્વ પ્રમુખ લાયન્સ કલબ, જનરલ સેક્રેટરી સિંધી સમાજ, ગાંધીનગર



શુભમ સાધુ
મો. ૭૬૦૦૮ ૧૦૩૦૩



હીનાબેન ત્રિવેદી
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના



બિનલ દિનેશભાઈ વનરાજ



વિઆના હાર્દિક પટેલ
મો. ૮૧૬૦૭ ૯૨૨૧૫



ફેયા એસ કામલીયા



હેનિલ નિલેષ પરમાર
મો. ૯૭૧૪૧ ૯૮૧૯૩